सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૦૫/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૫/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ. | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો :- | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૦ | ૦૫ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફોજદારી પરચું.(જામીન) અરજી નં.૨૬૪/૨૦૨૬**

**આંકઃ-૯**

**અરજદાર/આરોપી** **ચિરાગ પ્રકાશચંદ્ર પંચોલી**
ઉ.વ.આ.૩૦, ધંધો.વેપાર,
રહે.મહાવીર કોલોની, પંચાયત સમિતી સામે,
ખેરવાડ, જી.ઉદેપુર(રાજસ્થાન)
(હાલ જ્યુડી.કસ્ટડીમાં, સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ)

**વિરૂધ્ધ**

**સામાવાળા – ધી સ્ટેટ ઓફ ગુજરાત**

-----------------------------------------

અરજદાર/આરોપી તરફે **:-** વિ.વ.શ્રી.પી.એ.વાઘેલા

સરકાર તરફે **:-** વિ.સ્પે.એ.પી.પી.શ્રી જે.બી.રાજપુત

-----------------------------------------

**વિષય :–** બી.એન.એસ.એસ.ની ક.૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજ

## –// **ચુકાદો** //–

(૧) આરોપીને નંદાસણ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૬૦ ૫૦૨૩૦૩૪૪/૨૦૨૩ પ્રોહી. એક્ટની ક. ૬૫–એ, ૬૫–ઈ, ૮૧, ૮૩ તથા ઈ.પી.કો.ની ક.૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૭૩ મુજબના ગુનાના કામે અટક કરી કોર્ટમાં રજૂ કરતાં જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે. તે સંજોગોમાં આરોપીએ બી.એન.એસ.એસ.ની ક.૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત થવા માટે હાલની અરજી ગુજારેલી છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો કે, આ કિસ્સામાં હાલના આરોપીનું નામ એફ.આઇ.આર. માં આપવામાં આવેલું નથી અને સ્થળ ઉપર હાલના આરોપીનું નામ જાહેર થયેલું નથી. વધુમાં આ કામે અગાઉ જે કોઈ આરોપીઓ પકડાયેલા હતા તેઓને રેગ્યુલર જામીન ઉપર તેમજ આગોતરા જામીન ઉપર જામીન મુક્ત કરવામાં આવેલા છે. આરોપીનું નામ અન્ય આરોપીઓના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશન દરમ્યાન જાહેર થયેલું છે તે રીતની વિગત પોલીસે ખોટી રજૂ કરેલી છે અને આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલા છે. આરોપી પૂરતી ગુનાની તપાસ પૂરી થઈ ગયેલી છે અને આરોપી નાસી કે ભાગી જાય તેવા નથી અને ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે. જેથી આરોપીને શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન ચુક્ત કરવા દલીલ કરેલી છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વ.શ્રી ની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય

સારાંશ એવો છે કે, આ કિસ્સામાં હાલના આરોપીનો રોલ દારૂ મોકલનાર તરીકેનો છે અને ગુનાની ગંભીરતા ધ્યાને લેતા હાલના આરોપીની ગુનામાં સંડોવણી છે તેવા સંજોગોમાં હાલના આરોપીની રેગ્યુલર જામીનની માંગણી કરતી અરજી નામંજુર (રદ્દ) કરવા દલીલ કરેલ છે.

(૪) આ કામે ત.ક.અ. નું સોગંદનામુ ધ્યાને લીધુ તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લીધી.

(૫) આ કેસમાં ગુનો સને–૨૦૨૩ ના વર્ષમાં દાખલ થયેલો છે અને ત્યારબાદ પોલીસને ગુનાની આગળની ઊંડી તલસ્પર્શી તપાસ કરવા માટે પૂરતો સમય મળેલો છે. વધુમાં બનાવ સમયે પોલીસે મુદ્દામાલ દારૂ કબજે કર્યો તે સમયે હાલના આરોપીની ગુના બનાવવાળી જગ્યાએ હાજરી હોય તે રીતની વિગત જાહેર થયેલી નથી. વધુમાં હાલના આરોપી સ્થળ ઉપરથી ભાગી ગયેલા હોય તે રીતની વિગત પણ પોલીસ તરફે રજૂ કરવામાં આવેલી નથી. આ સિવાય આ ગુનાના અન્ય આરોપીઓને નામ.ગુજરાત હાઇકોર્ટે રેગ્યુલર જામીન પર તેમજ આગોતરા જામીન ઉપર જામીન મુક્ત કરેલા છે. વધુમાં આ કામે અન્ય એક આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર (રદ) કરેલી અને નામદાર ગુજરાત હાઇકોર્ટે ફોજદારી પરચુરણ અરજ નં.૧૪૫૫૬/ ૨૦૨૪ થી આરોપીને રેગ્યુલર જામીન ઉપર જામીન મુક્ત કરવાનો હુકમ કરેલો છે. આવા સંજોગોમાં આ ગુનાના અગાઉ પકડાયેલ તમામ આરોપીઓ જામીન મુક્ત થયેલા છે અને આ કેસમાં પોલીસે ગુનાનું ચાર્જશીટ ટ્રાયલ કોર્ટમાં તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ કરેલ છે અને તેને ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૧૫૫૭/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા દલીલમાં એવી રજૂઆત કરવામાં આવેલી છે કે, આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હોવા છતાં અને લાંબો સમય થવા છતાં આરોપી સામે કોર્ટ દ્વારા

તહોમતનામું ફરમાવવામાં આવેલ નથી. વિ.સરકારી વકીલશ્રી દ્વારા આ મુદ્દા ઉપર કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી. તેવા સંજોગોમાં ટ્રાયલ ચાલીને પૂરી થતાં લાંબો સમય લાગે તેમ છે જેથી તે બાબત પણ ધ્યાને લેવી પડે.

આવા સંજોગોમાં આ ગુનાના અગાઉ જામીન મુક્ત થયેલા અન્ય આરોપીઓનો ગુનામાં રોલ અને હાલના આરોપીનો રોલ જોવામાં આવે તો લૉ ઓફ પેરીટીની બાબત ધ્યાને લેવા પાત્ર થાય છે. વધુમાં એકંદર હકીકત અને સંજોગો જોતા આરોપી સામે અગાઉ ઘણા બધા ગુનાઓ દાખલ થયેલા છે અને આરોપી જામીન મુક્ત થયા બાદ આ જ પ્રકારની પ્રવૃત્તિ કરે છે તેથી આરોપીને અત્યંત કડક શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુક્ત કરવામાં આવે તો તેમાં ન્યાયનો હેતુ પાર પડતો હોય તેવું જણાય છે જેથી તમામ બાબતો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-// હુકમ //-**

આથી બી.એન.એસ.એસ.ની ક.૪૮૩ મુજબ હાલના આરોપી ની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

આથી આરોપીએ રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપેથી આરોપીને નંદાસણ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૬૦૫૦૨ ૩૦૩૪૪/૨૦૨૩ પ્રોહી. એક્ટની ક. ૬૫-એ, ૬૫-ઈ, ૮૧, ૮૩ તથા ઈ.પી.કો.ની ક.૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૩ મુજબના ગુનાના કામે શરતોને આધારે રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

૧) આરોપી પોતે જયાં રહેવાના હોય ત્યાંનું સરનામુ ફોટાવાળા સોગંદનામા સાથે જાહેર કરવુ અને કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય સરનામુ બદલવુ નહિ.

૨) આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને જાતે કે કોઇ વ્યકિત મારફતે ધાક, ધમકી આપી અથવા કોઇ અન્ય રીતે તોડવા ફોડવાનો કોઇ પ્રયત્ન કરવો કરાવવો નહિ.

૩) આરોપીએ પોતાનો પાસપોર્ટ હુકમની તારીખથી દિન–૦૭ માં ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો.

૪) આરોપી જે દિવસે જેલ મુકત થાય ત્યાર બાદથી ૧ વર્ષ સુધી દર બુધવારે ૧૧–૦૦ થી ૨–૦૦ સુધીમાં નંદાસણ પોલીસ સ્ટેશનમાં નિયમિત હાજરી પુરાવવી.

૫) આરોપીને પોલીસ તપાસમાં બોલાવે અથવા પોલીસ આરોપીની તપાસમાં જાય તે માટે આરોપીએ ગુજરાતનું તથા રાજસ્થાનનું સરનામુ જરૂરી આધાર પુરાવા સાથેના સોગંદનામા સાથે રજુ કરવુ.

૬) આરોપીએ જેલમુકત થયા બાદ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ૬ માસ સુધી ગુજરાત રાજયની હદ છોડવી નહિ.

૭) જાહેર સુલેહ શાંતીનો ભંગ થાય તે રીતે કૃત્ય કરવુ કરાવવુ નહી.

૮) કોઇ પણ શરતોનો ભંગ થયેથી જામીનનો લાભ આપોઆપ રદ્દ થશે.

વધુમાં હુકમ કરવામાં આવે છે કે, જો આરોપીએ પોતાનો પાસપોર્ટ અન્ય કોઇ ગુનાના કામે જમા કરાવેલ હોય તો તેની વિગત ટ્રાયલ કોર્ટમાં જાહેર કરવી અને ટ્રાયલ કોર્ટે તે લાગુ કોર્ટને આ ગુનામાં પણ પાસપોર્ટ જમા લેવામાં આવેલ છે તે સંદર્ભે જરૂરી નોંધ કરવા યાદી કરવી તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં હુકમ કરી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, કોઇ પણ શરતોનો ભંગ થાય કે શરતનો ભંગ થયેલાનું જાહેર થાય તેવા પ્રસંગે આરોપીનો જામીનનો લાભ આપોઆપ રદ્દ થશે અને જામીનદારે રૂા.૧,૦૦,૦૦૦/– રોકડા સરકાર ખાતે ભરવાના રહેશે.

વધુમાં હુકમ કરી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ હુકમ બાદ દાખલ થયેલા પ્રહિબીશનના ગુનામા જો આરોપીની ધરપકડ થાય તો તે શરતનો ભંગ થયેલા ગણાશે અને આરોપીનો હાલનો જામીનનો લાભ આપોઆપ રદ્દ થશે અને જામીનદારે રૂા.૧,૦૦,૦૦૦/– રોકડા સરકાર

ખાતે ભરવાના રહેશે.

વધુમાં હુકમ કરી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આરોપી પોતે જે સરનામુ જાહેર કરે તે સરનામે અન્ય કોઇ ગુનામાં તપાસના કામે પોલીસ જાય અને આરોપી મળી ન આવે તો તે પણ આ હુકમનો ભંગ થયેલો ગણાશે તેમજ ખોટુ સોગંદનામુ કરવા બદલ અલગથી પોલીસે ટ્રાયલ કોર્ટને જાણ કરીને ગુનો દાખલ કરવાનો રહેશે.

હુકમની જાણ જેલર મારફતે આરોપીને જેલમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૦ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૦/૦૩/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળ: મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા

જીજે૦૦૬૯૧